

**પીપોદરામાં પંચાયતની મંજૂરી વિના ધમધમતી બે સિમેન્ટ ફેક્ટરીઓ સામે ગ્રામજનોનો આક્રોશ, કલેક્ટર અને GPCBને લેખિત ફરિયાદ કરી ફેક્ટરીઓ કાયમી બંધ કરવા ઉગ્ર આંદોલનની ચીમકી**

# સિમેન્ટ રજકણમાં જીવતું ગામ

**શ્વાસમાં ઝેર**

**રહેણાક** વિસ્તારથી માત્ર ૨૦૦ મીટરની અંદર આવેલા આ પ્રોજેક્ટના કારણે ૨૪ કલાક હવામાં સિમેન્ટની રજકણો અને રાખ ઊડે છે



ઈબ્રાહીમ કાનુ

હથોડ, સુરત : માંગરોળના પીપોદરા ગામે ગીચ વસતી ધરાવતા રહેણાક વિસ્તારની સામે પંચાયતની કોઈપણ પ્રકારની મંજૂરી વિના ધમધમતી અલ્ટ્રા ટ્રેક તથા એસી પ્લસ સિમેન્ટની બે ફેક્ટરી સ્થાનિક લોકો માટે માથાનો દુખાવો બની ગઈ છે. આ ફેક્ટરીઓમાંથી રાત-દિવસ મોટી માત્રામાં ઊડતી સિમેન્ટની રજકણો અને રાખ સીધી નજીકના ઘરોમાં તેમજ રસ્તાઓ પર પડતાં સમગ્ર ગામવાસીઓનું જીવવાનું મુશ્કેલ બન્યું છે. ગામથી માત્ર ૨૦૦ મીટરની અંદર આવેલા આ પ્રોજેક્ટના કારણે ૨૪ કલાક હવામાં પ્રદૂષણ ફેલાઈ રહ્યું છે, જેના પગલે નાનાં બાળકો, વૃદ્ધો અને યુવાનોમાં શ્વસન તંત્રની ગંભીર તકલીફો ઊભી થઈ છે અને મોટો રોગચાળો ફેલાવવાનો ભય સેવાય રહ્યો છે.

દિવસભર મજૂરી કરીને આવતા સ્થાનિકો પ્રદૂષણને લીધે રાત્રે ચેનથી ઊંઘી પણ શકતા નથી. જ્યારે રસ્તા પર ઊડતી રજકણોની ડમરીઓને કારણે વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ પણ સતત વધી રહ્યું છે. પોતાના આર્થિક ફાયદા માટે જનજીવનને જોખમમાં મૂકતી આ ફેક્ટરીઓ સામે અગાઉ વારંવાર રજૂઆતો કરવા છતાં જવાબદાર તંત્રના અધિકારીઓએ આંખ આડા કાન કર્યા હતા, જેથી હવે ગ્રામજનોની ધીરજ ખૂટી છે.

આ મામલે પીપોદરાના ગ્રામજનોએ સહીઓ સાથે સુરત કલેક્ટર અને જીપીસીબી તંત્રને લેખિત ફરિયાદ આપી છે અને આ ગેરકાયદે ફેક્ટરીઓનું લાઈસન્સ રદ કરી તેને કાયમી ધોરણે બંધ કરવા માંગ કરી છે. સાથે જ ચીમકી ઉચ્ચારી છે કે જો તંત્ર આ બાબતે મૌન તોડી કોઈ નક્કર પગલાં નહીં ભરે તો પરેશાન ગ્રામજનો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલનનો માર્ગ અપનાવશે.

### અમે આખો દિવસ ઘરોની સાફસફાઈ કરીને થાકી જઈએ છીએ: મહિલાઓમાં આક્રોશ

આ ઘટના અંગે પીપોદરા ગામની મહિલાઓએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે, અમારા ઘરની સામે જ આ વ્યવસાય (વેપલો) ચાલતો હોવાથી આખો દિવસ સિમેન્ટ પ્રોડક્ટની રજકણો ઘરોમાં ઊડે છે. આ કારણે અમારે વારંવાર સાફસફાઈ કરવી પડે છે. પીપોદરા ગામની મહિલાઓનો આખો દિવસ માત્ર ઘરની સફાઈ કરવામાં જ નીકળી જાય છે.

### ગ્રામ પંચાયતે યુનિટ્સને આપી નોટિસ

સુરતઃ પીપોદરા ગ્રામ પંચાયત દ્વારા અગાઉ ગ્રામજનોની અરજીના અનુસંધાને સંબંધિત યુનિટોને નોટિસ આપવામાં આવી હતી. અલ્ટ્રાટેક, એસી પ્લસ રેડીમિક્સ અને એસી સિમેન્ટ પ્રોડક્ટ આ તમામ યુનિટો બ્લોક નં.૨૮૯ (નવો બ્લોક નં. ૨૯૬) વિસ્તારમાં આવેલ હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. ઉપરાંત જર્નાદન સિમેન્ટ હાઉસ નામનો અન્ય પ્લાન્ટ પણ વિસ્તારમાં કાર્યરત હોવાનું ગ્રામ પંચાયતે નોંધ્યું છે.

### "GPCBની મંજૂરી છે" એવો યુનિટ સંચાલકોનો જવાબ

સુરતઃ ગ્રામ પંચાયતના દસ્તાવેજો મુજબ નોટિસના જવાબમાં સંબંધિત યુનિટ સંચાલકોએ જણાવ્યું હતું કે, તેમને આવાં કારખાનાં ચલાવવા માટે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તરફથી પરવાનગી આપવામાં આવી છે. જો કે, ગ્રામજનોનું કહેવું છે કે કાયદેસરની મંજૂરી હોવા છતાં રહેણાક વિસ્તારની નજીક થતાં પ્રદૂષણથી લોકોના આરોગ્યને જોખમ ઊભું થયું છે.

## પાલોદમાં ટેન્કરોમાંથી કીમતી કેમિકલની ચોરીનું રેકેટ ઝડપાયું

**રૂ.૧.૭૧** કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત



ઈબ્રાહીમ કાનુ, ઈલ્યાસ શેખ

હથોડા, પલસાણાઃ સુરત એલસીબીએ પાલોદમાં ને. હા. નં.૪૮ નજીક અજંતા કોમ્પ્લેક્સના પાર્કિંગમાં ચાલતા કેમિકલ ચોરીના કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. ટેન્કર ચાલકોની મિલીભગતથી ચાલતા આ નેટવર્ક પર બાતમીના આધારે દરોડો પાડી પોલીસે બે ટેન્કર, ટેમ્પો અને સહિત કુલ રૂ.૧,૭૧,૨૧,૨૫૪ની મતા જપ્ત કરી છે.

પોલીસે ઘટનાસ્થળેથી કેમિકલ ચોરી કરતા ત્રણ આરોપી પાલોદના અજય જગદીશભાઈ ખટીક, અંકલેશ્વરના સલમાન નીઝામ અહેમદખાન અને યુપીના મુફીસ સત્તાર ખાનને રંગેહાથ ઝડપી લીધા છે. જ્યારે આ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર અને ગુનાહિત ઇતિહાસ ધરાવતો જગદીશ ભુરાલાલ ખટીક હાલ ફરાર છે, જેને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે. તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી ટેન્કર ચાલકો હજીરા (સુરત)ની કંપનીમાંથી 'સ્ટાયરીન મોનોમર' નામનું કીમતી કેમિકલ ભરીને દહેજ જવા નીકળતા હતા. ટ્રાન્સપોર્ટ અને કંપનીની જાણ બહાર તેઓ ટેન્કરોને પાલોદ ખાતેના પાર્કિંગમાં લાવતા હતા. ત્યાં મુખ્ય સૂત્રધાર સાથે મળીને ટેન્કરના બોલ્ટ ઢીલા કરી પ્લાસ્ટિકની પાઇપ અને ઇલેક્ટ્રિક પંપ વડે કેમિકલ ચોરી લેવાતું હતું. આ ચોરીના કેમિકલ માટે મુખ્ય સૂત્રધાર ચાલકોને પ્રતિ લીટર રૂ.૧૦૦ ચૂકવતો હતો. ઘટના સ્થળે આવેલાં ત્રણ ગોડાઉનમાંથી મોટી માત્રામાં પ્લાસ્ટિકના ખાલી બેરલ, કેરબા અને ચોરીનું કેમિકલ મળી આવ્યું છે. આ જ્વલનશીલ પ્રવાહીનો જથ્થો કોઈપણ પ્રકારના ફાયર સેફ્ટીનાં સાધનો વગર જોખમી રીતે સંગ્રહ કરાયો હતો.

## પલસાણામાં રિક્ષા ગેંગનો પર્દાફાશ

પલસાણાઃ કડોદરા GIDC પોલીસે ઓટો રિક્ષામાં મુસાફરોને બેસાડી નજર ચૂકવી ચોરી કરતી રીઢી ગેંગના બે સાગરીતોને ઝડપી પાડ્યા છે. બાતમીના આધારે પોલીસે કડોદરા ચાર રસ્તા પાસે ચામુંડા હોટલ સામેથી શંકાસ્પદ રિક્ષાને કોર્ડન કરી અમીન અમીર શેખ (રહે., ઉમરવાડા, સુરત, મૂળ મહારાષ્ટ્ર) અને વસીમ મોબીન સૈયદ (રહે., ઈટાળવા, પલસાણા, મૂળ મહારાષ્ટ્ર)ની ધરપકડ કરી હતી.

પોલીસે આરોપીઓ પાસેથી રોકડા રૂ.૫૦,૦૦૦, મોબાઈલ અને ગુનામાં વપરાયેલી ઓટો રિક્ષા મળી કુલ રૂ.૮૯,૦૦૦નો મુદ્દામાલ રિકવર કર્યો છે. પૂછપરછ દરમિયાન આરોપીઓએ એક મહિના પહેલાં કડોદરાથી એક વૃદ્ધ દંપતીના ખિસ્સામાંથી નાણાં સેરવી લીધાની કબૂલાત કરી હતી. પકડાયેલા બંને આરોપી અગાઉ પણ વલસાડ અને કડોદરા વિસ્તારમાં લૂંટ તથા ચોરી જેવા ગુનાઓમાં સંડોવાયેલા હોવાનું સામે આવ્યું છે.

## પિશાવરમાં જમીન વિવાદમાં હુમલો, પાંચ સામે ફરિયાદ

**આ અમારી** જમીન છે કહી જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી



કુકરમુંડાઃ કુકરમુંડા તાલુકાના પિશાવર ગામની સીમમાં જમીન વિવાદને લઈને પાંચ શખ્સોએ હુમલો કરતાં હિરાલાલભાઈ તુલસીરામભાઈ કોળીએ કુકરમુંડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

૨૦ મે, ૨૦૨૬ના રોજ સવારે હિરાલાલભાઈ પોતાના ખેતરમાં હાજર હતા, ત્યારે મહારાષ્ટ્રના નંદુરબારના શહાદા તાલુકાના પ્રકાશા ગામના પાંચ શખ્સોએ ઘાતક હથિયારો સાથે ધસી આવી હુમલો કર્યો હતો.

આરોપી અશોકભાઈ કોળીએ લોખંડની કુહાડી વડે હુમલો કરી ફરિયાદીના કપાળ અને આંખ પાસે ઈજા પહોંચાડી હતી. અન્ય આરોપીઓ સતીષભાઈએ લોખંડની પાઈપ અને દાદુભાઈએ લાકડી વડે માર માર્યો હતો. દરમિયાન ફરિયાદીના ભાઈ સોહનલાલ વચ્ચે પડતાં આરોપી ભુરીયાભાઈએ તેમના પર પણ કોઈતા વડે હુમલો કરી માથામાં ઈજા પહોંચાડી હતી. પાંચમા આરોપી દૌલતભાઈએ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. "આ જમીન અમારા હક્કની છે, ફરી ખેતરમાં આવ્યા તો જાનથી મારી નાંખીશું" તેવી ધમકી આપતાં કુકરમુંડા પોલીસે પાંચેય આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## બારડોલીના નોગામા પારડીથી કુવાડિયાને જોડતો રસ્તો ચીંથરેહાલ



બારડોલીઃ બારડોલી તાલુકાના છેવાડાનાં ગામોને જોડતો એક મહત્ત્વનો માર્ગ તંત્રની ઘોર ઉપેક્ષાનો ભોગ બન્યો છે. નોગામા પારડીથી કુવાડિયા ગામને જોડતો રસ્તો હાલ તદ્દન ચીંથરેહાલ અને બિસમાર અવસ્થામાં ફેરવાઈ ગયો છે. સ્થાનિકોના જણાવ્યાનુસાર આ માર્ગ માટે ડામર રોડ મંજૂર થઈ ચૂક્યો હોવા છતાં આજદિન સુધી વહીવટી તંત્ર દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી નથી. જેને કારણે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

હાલ આ સમગ્ર માર્ગ પર મસમોટા ખાડાઓનું સામ્રાજ્ય સ્થપાયું છે, જેના લીધે વાહનચાલકો ભારે પરેશાની વેઠી રહ્યા છે. રસ્તો તદ્દન ખોદાઈ ગયો હોવાથી દિવસ-રાત અહીં ધૂળની ડમરીઓ ઊડે છે, જે રાહદારીઓ અને આસપાસના રહીશોના સ્વાસ્થ્ય સામે જોખમ ઊભું કરી રહી છે. આટલું ઓછું હોય તેમ, આ માર્ગ પરથી પસાર થતાં માટેલા સાંઢ જેવા રેતી અને માટી ભરેલા ઓવરલોડેડ ટ્રકોને કારણે રસ્તાની સ્થિતિ દિન-પ્રતિદિન વધુ બદતર બની રહી છે.

આવા ભારે વાહનો રસ્તાને વધુ નુકસાન પહોંચાડી રહ્યા છે. આગામી દિવસોમાં ચોમાસું નજીક આવી રહ્યું છે ત્યારે આ છેવાડાના વિસ્તારના લોકોની ચિંતા બેવડાઈ છે. વરસાદી સીઝનમાં આ બિસ્માર રોડ પરથી પસાર થવું અત્યંત મુશ્કેલ અને જોખમી બની જશે.

## તરસાડીમાં વિજિલન્સની રેડ વીજ ચોરોને રૂ.22 લાખનો દંડ

**પોલીસ** બંદોબસ્ત સાથે કાર્યવાહી કરાતાં વીજ ચોરોમાં ફફડાટ ફેલાયો

હથોડાઃ તરસાડી પંથકમાં લાંબા સમય બાદ ગુરુવારે અચાનક જીઈબી વિજિલન્સ વિભાગ દ્વારા સામૂહિક વીજ ચેકિંગ હાથ ધરાતાં વીજચોરોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. વિજિલન્સ અધિકારી ઢીમ્મરની આગેવાની હેઠળ પોલીસ બંદોબસ્ત સાથે કુલ આઠ અલગ-અલગ ટીમોએ વિસ્તારમાં ધામા નાંખ્યા હતા. આ આકસ્મિક ડ્રાઈવ દરમિયાન ટીમો દ્વારા કુલ ૭૭૬ વીજ કનેક્શનનું ઝીણવટભર્યું ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાંથી ૨૦ જેટલા કનેક્શનમાં ગેરરીતિ અને ખુલ્લેઆમ વીજચોરી ઝડપાઈ હતી. તંત્રએ આ તમામ વીજચોરોને કુલ રૂપિયા ૨૨ લાખનો આકરો દંડ ફટકાર્યો હતો. ઉનાળાની કાળઝાળ ગરમીમાં બિનધાસ્તપણે એસી ચલાવી વીજચોરી કરનારાં તત્ત્વોમાં આ કડક કાર્યવાહીથી ફફડાટ વ્યાપી ગયો છે.

## નિઝરમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ

કુકરમુંડાઃ આગામી બકરી ઈદ તહેવારને અનુલક્ષીને ગતરોજ નિઝર પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકનું આયોજન આઈ.એન. પરમાર, નાયબ પોલીસ અધિક્ષક, નિઝર વિભાગ તથા પી.આઈ. એમ.ડી. વિઠ્ઠલપરાના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં આજુબાજુનાં ગામોના હિન્દુ તથા મુસ્લિમ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ઉમરપાડાના આમલીદાબડામાં દીપડાએ ગાયને ફાડી ખાધી

વાંકલઃ ઉમરપાડાના આમલીદાબડામાં વહેલી સવારે ગામ નજીક નદી કિનારે રહેતા પશુપાલક બીપીન વસાવાની ગાયનું દીપડાએ મારણ કરતાં સમગ્ર પંથકમાં ભયનો માહોલ વ્યાપી ગયો છે. અગાઉ દીપડાએ પશુપાલકો અને વન વિભાગની ટીમ પર પણ હુમલો કર્યો હતો. ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ દોડી આવી હતી અને પશુપાલકને સરકારી સહાય અપાવવા કાગળો તૈયાર કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. દીપડો નરભક્ષી બને તે પહેલાં તેને પાંજરે પૂરવા ગ્રામજનોએ ઉગ્ર માંગ કરી છે. હાલ વન વિભાગે પેટ્રોલિંગ વધાર્યું છે અને ગ્રામજનોને રાત્રે સાવચેત રહેવા જણાવ્યું છે.

## ડોલવણમાં વડીલોપાર્જીત જમીન મુદ્દે પિતરાઈ ભાઈઓ બાખડ્યા

વ્યારાઃ ડોલવણમાં ઢોડિયાવાડ ફળિયામાં વડીલોપાર્જીત જમીન મુદ્દે બે પક્ષ વચ્ચે જીવતા સળગાવી દેવાની ખુલ્લી ધાકધમકી અપાતાં સમગ્ર મામલો ડોલવણ પોલીસ મથકે પહોંચ્યો છે.

મળતી માહિતી મુજબ સુભાષભાઈ મોહનભાઈ પટેલ (ઉં.વ.50) (ધંધો-ખેતી) (રહે.,ડોલવણ ગામ, ઢોડિયાવાડ ફળિયું) ગત તા.20-5-2026ના રોજ પોતાના પરિવારના સભ્યો સાથે બ્લોક નં.1309 વાળી જમીનમાં ઝાડી ઝાંખરા સાફ કરી તેના પાન સળગાવી રહ્યા હતા. ત્યારે પોતાના કૌટુંબિક ભાઈ સુરેશભાઈ મંગળભાઈ પટેલ સાફસફાઈ કરતા હતા ત્યાં આવી ફોટા વિડીયો બનાવી અને પોતાનો ભાઈ બંટી ડૉન છે. જે તમને સીધા કરી નાંખશે તમે આ કચરો શું સળગાવો છો. તમને આ જીવતા કચરા સાથે સળગાવી દઈશું તેવી ધમકી આપતાં સુભાષભાઈએ સુરેશ મંગળદાસ પટેલ (ગામ-બુહારી, તા.વાલોડ), ભાવેશ ઉર્ફે બંટી વિનોદભાઈ પટેલ (ગામ-વીરપોર) વિરુદ્ધ ડોલવણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ત્યારે સામે આરોપી સુરેશ મંગળદાસ પટેલ દ્વારા પણ સુભાષ મોહન પટેલ, ચંદ્રસિંહ કાંતિલાલ પટેલ, જયંતી મોહન પટેલ અને કુલદીપ સુભાષ પટેલ (તમામ રહે.,ડોલવણ) એ ધાકધમકીની ફરિયાદ આપી છે ત્યારે પોલીસે બંને બાજુ ફરિયાદ નોંધી આરોપીઓ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## કોર્ટે મારામારીના કેસમાં ઉમલ્લા પોલીસને FIR નોંધવા આદેશ કર્યો

ભરૂચઃ ઝઘડિયા કોર્ટના જજ જયવીરસિંહ રાઠોડે ઉમલ્લા પોલીસને ગત ૨ ફેબ્રુઆરીએ હિંસક અથડામણમાં ભોગ બનનાર ઉમેશભાઈ વસાવાની ફરિયાદના આધારે FIR નોંધવા આદેશ કર્યો છે. જમીન વિવાદમાં વિનુભાઈ વસાવા સહિત ચંદ્રકાંત વસાવા, સવરંગ વસાવા અને અંબાભાઈ વસાવાએ લાઠી-ફાવડાથી હુમલો કરી ઉમેશભાઈને ગંભીર ઈજા પહોંચાડી હતી. પોલીસે ગુનો ન નોંધતાં કોર્ટે BNSSની કલમ ૧૭૫(૩) હેઠળ આ આદેશ આપ્યો છે. કોર્ટે નોંધ્યું કે ગંભીર બનાવ છતાં FIR ન નોંધવી એ સુપ્રીમ કોર્ટના 'લલિતા કુમારી' વિરુદ્ધ યુપી સરકારના ચુકાદાનું ઉલ્લંઘન છે. અદાલતે ૧૫ દિવસમાં અહેવાલ રજૂ કરવા આદેશ આપ્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### બોરીકૂવા ગામે દીપડો પાંજરે પુરાયો



કુકરમુંડાઃ કુકરમુંડાના બોરીકૂવામાં દીપડાના આતંકને કારણે ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો. બે દિવસ પહેલાં બકરી પર હુમલા બાદ વન વિભાગે મૂકેલા પાંજરામાં એક ખુંખાર દીપડો ઝડપાઈ ગયો છે. દીપડો પાંજરે પુરાતાં ગામલોકોએ રાહતનો શ્વાસ લીધો છે. જો કે, બે દીપડા જોવા મળ્યાની ચર્ચાને પગલે ગ્રામજનોએ વધુ એક પાંજરું મૂકવાની માંગ કરી છે.

### માંડવીમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ



હિતેશ પટેલ

માંડવીઃ આગામી સમયમાં આવી રહેલા બકરી ઈદના પવિત્ર તહેવારને અનુલક્ષીને માંડવી પોલીસ સ્ટેશન ખાતે એક શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠક દરમિયાન આગામી તહેવારની ઉજવણી સુમેળભર્યા વાતાવરણમાં થાય અને સમગ્ર વિસ્તારમાં કાયદો તથા વ્યવસ્થાની સ્થિતિ ચુસ્તપણે જળવાઈ રહે તે અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ તકે પી.આઈ. જયેશભાઈ વળવીએ ઉપસ્થિત તમામ નાગરિકો અને વિવિધ સમાજના અગ્રણીઓને શાંતિ, ભાઈચારો, એકતા અને પરસ્પર સહકારની ભાવના સાથે તહેવાર ઉજવવા માટે ખાસ અપીલ કરી હતી. આ બેઠકમાં નગર સંગઠન પ્રમુખ પ્રિતેશ રાવળ, નગરપાલિકા પ્રમુખ અમિષા રાઠોડ, દંડક પીનાલી ઉપાધ્યાય સહિત પોલીસ સ્ટાફના કર્મચારીઓ, શાંતિ સમિતિના સભ્યો, સ્થાનિક સામાજિક આગેવાનો તેમજ વિવિધ વિસ્તારોના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### પાલોદ ગામે ટ્રેક્ટર અને ટ્રોલીના ફાળકા ચોરનાર ઝડપાયો



હથોડાઃ પાલોદ પોલીસ મથકની હદમાં અગાઉ થયેલી ટ્રેક્ટર અને ટ્રોલીના ફાળકાની ચોરીનો ભેદ ઉકેલાયો હતો. બાતમીના આધારે પીએસઆઈ પરાક્રમસિંહ કછવાહા અને તેમની ટીમે વોચ ગોઠવીને એક આરોપીને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો. પકડાયેલ આરોપી મોઈન મોહમ્મદ અલ્તાફ શેખ (રહે., 203, ઝમઝમ એપાર્ટમેન્ટ, જૂના કોસંબા) પોતાની ઓટો રિક્ષામાં ચોરીના ફાળકા ભરી ભંગારમાં વેચવા માટે મોટા બોરસરા ગામથી દરબાર હોટલ ત્રણ રસ્તા થઈ કીમ તરફ જઈ રહ્યો હતો. પોલીસે તેને રસ્તામાં આંતરીને મુદ્દામાલ તથા રિક્ષા સહિત ધરપકડ કરી હતી. હાલમાં પોલીસે તમામ મુદ્દામાલ કબજે કરી આરોપી વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી આગળની તપાસ શરૂ કરી છે.

### અંકલેશ્વરનો NDPS ગુનાનો વોન્ટેડ આરોપી છમૂછલથી ઝડપાયો



હથોડાઃ અંકલેશ્વર GIDCના NDPS ગુનામાં વોન્ટેડ આરોપી સુએઝ ગુલામ શેખ (ઉં.વ.૨૦) (રહે.,ભાટકોલ) છમૂછલ ગામના તળાવ કિનારે હોવાની બાતમી પાલોદ પોલીસને મળી હતી. પોલીસે દરોડો પાડી આરોપીને ઝડપી લીધો હતો. હાલ પાલોદ પોલીસે આરોપીની ધરપકડ કરી હતી.

### નિઝર અને કુકરમુંડા તાલુકામાં ગેરકાયદે રેતીખનન મામલે રજૂઆત

કુકરમુંડાઃ નિઝર અને કુકરમુંડા તાલુકામાં ચાલી રહેલા કથિત ગેરકાયદે રેતીખનન અને રોયલ્ટી ચોરી મામલે તાપી જિલ્લા કોંગ્રેસ મહામંત્રી જિતેન્દ્ર ચૌધરીએ મામલતદારને લેખિત રજૂઆત કરી છે. આક્ષેપ કરાયો છે કે તાપી નદીના પટમાંથી નિયમોનો ભંગ કરી, રોયલ્ટી પાસ વગર મોટા પાયે રેતીનું પરિવહન થઈ રહ્યું છે, જેનાથી સરકારને લાખોનું નુકસાન થાય છે. લીઝની શરતોનો ભંગ કરીને અન્ય વ્યક્તિઓ દ્વારા કામગીરી કરાતી હોવાનો પણ આક્ષેપ છે. ગત દિવસોમાં પાટી ગામના યુવકનું રેતીના ડમ્પરની અડફેટે મોત થતાં સ્થાનિકોમાં રોષ છે. તંત્ર દ્વારા સંયુક્ત ડ્રાઇવ યોજી કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

### નેત્રંગમાં રોયલ્ટી પાસ વગર માટી વહન કરતી ટ્રક ઝડપાઈ



પ્રદીપ ગુર્જર

નેત્રંગ: નેત્રંગ તાલુકામાં બેફામ બનેલા ખનીજ માફિયાઓ વિરુદ્ધ તંત્રએ લાલ આંખ કરી છે. રાજકીય વગ ધરાવતા તત્વો દ્વારા રોયલ્ટી પાસ વગર ઓવરલોડ ખનીજની ખુલ્લેઆમ હેરાફેરી કરાતી હોવાની વ્યાપક ફરિયાદો ઊઠી હતી. તેવા સંજોગોમાં નેત્રંગ મામલતદાર કચેરી ખાતે પ્રોબેશનલ પિરિયડ હેઠળ ફરજ બજાવતા અજમાયસી નાયબ કલેક્ટર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કલ્પેશ બી.ગળિયાએ ટેબાર ગામેથી ગુજરાત ખનીજ નિયમો-૨૦૧૭ના ભંગ બદલ કાર્યવાહી કરી છે. તેમણે રોયલ્ટી પાસ વગર સાદી માટીનું વહન કરતી વાગડ ઇન્ફ્રો પ્રોજેક્ટ પ્રા.લિ.ના માલિક રામજી રાવતની હાઇવા ટ્રક નં.(GJ-18-BV-8048) ઝડપી પાડી જપ્ત કરી છે. આ કડક કાર્યવાહીથી ખનીજ ચોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

### કાકરાપારમાં વ્યાજખોરના ત્રાસ બાબતે ફરિયાદ

માંડવીઃ માંડવીના કાકડવા ગામના રહેવાસી રોશનભાઈ કિશનભાઈ ચૌધરીએ વ્યાજખોરી અને અસહ્ય માનસિક ત્રાસ અંગે સુરતના નવસારી બજાર વિસ્તારમાં રહેતા જુનેદભાઈ નામના શખ્સ સામે વિધિવત પોલીસ ફરિયાદ નોંધાવી છે. વર્ષ-2024 દરમિયાન રોશનભાઈએ ઘરવપરાશ માટે એક મોપેડ ખરીદ્યું હતું. બેંકમાંથી લોન ન મળતાં તેઓએ મિત્રના પિતાના નામે લોન લઈ વાહન ખરીદ્યું હતું અને તેના હપ્તા નિયમિત ચૂકવતા હતા. દરમિયાન ડિસેમ્બર-2025માં આર્થિક મુશ્કેલી સર્જાતાં રોશનભાઈએ જુનેદભાઈ પાસેથી 5 ટકા વ્યાજે રૂ.30,000 ઉછીના લીધા હતા અને બદલામાં પોતાની મોપેડ ગીરવે મૂકી હતી. ફરિયાદમાં આક્ષેપ કરાયો છે કે, રોશનભાઈએ અત્યાર સુધીમાં રૂ.15,000 પરત ચૂકવી દીધા હોવા છતાં જુનેદભાઈ દ્વારા હજુ પણ વધારાના રૂ.30,000ની પઠાણી ઉઘરાણી કરવામાં આવી રહી છે. તેમજ સંપૂર્ણ રકમ નહીં ચૂકવાય ત્યાં સુધી મોપેડ પરત ન આપવાની ધમકી અપાઈ છે. વ્યાજખોરના આ ત્રાસને કારણે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.